# મોદીની અગ્નિપરીક્ષા સમી ચૂંટણીમાં, ફરી વખત ભગવો લહેરાયો

ગાંધીનગર, તા.૧૮

ગુજરાત વિધાનસભા ૨૦૧૭નો ચૂંટણી જંગ જેટલો રસપ્રદ હતો તેટલા જ રસપ્રદ પરિણામો જોવા મળી રહ્યા છે. આ ચૂંટણીમાં ભાજપ જીત તરફ આગળ વધી છે. ત્યારે કહી શકાય કે આ ચૂંટણીમાં જે મુદ્દા ભાજપને નડશે તેવી વાત હતી તેની અસર જોવા નથી મળી રહી. ચૂંટણી પરિણામો જોતાં સ્પષ્ટ થઈ રહ્યું છે કે જીએસટી, નોટબંધી, અનામત આંદોલનના વિપક્ષે ઉઠાવેલા મુદ્દા બેઅસર રહ્યા છે, અને ભાજપ તેના ગઢને બચાવવામાં સફળ થઈ છે.

બીજી બાજુ રાજ્યના સૌથી મોટા વ્યાપાર કેન્દ્ર સૂરતમાં જીએસટીનો જોરદાર વિરોધ થયો હતો. વેપારીઓના વિરોધ પ્રદર્શન જોતાં લાગતું હતુ કે આ વિરોધના કારણે ચૂંટણીમાં ભાજપ વિરોધી મતદાન થશે. જો કે જીએસટીના નિયમોમાં સરકારે છેલ્લી ઘડીએ કરેલા ફેરફારો વેપારીઓના વિરોધને શાંત કરી ગયા હોય તેમ જણાય છે. સૂરત જિલ્લાની મોટાભાગની બેઠકો પર ભાજપ આગળ છે જ્યારે ૮ પર ભાજપના ઉમેદવારો જીતી ચુક્યા છે.

કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ ગુજરાતમાં સૌથી વધારે પ્રચાર કર્યો. પાર્ટીના કાર્યકર્તાઓમાં જીતની આશા પણ જગાવી પરંતુ તેમ છતાં ગુજરાત કોંગ્રેસ પાસે કોઈ મોટો ચહેરો ન હોવાનો મુદ્દો પણ ભાજપ માટે લાભદાયક સાબિત થયો છે. લોકોને આકર્ષવામાં રાહુલ ગાંધી સફળ રહ્યા પરંતુ સીએમ પદના ઉમેદવારનું ચિત્ર સ્પષ્ટ ન થવાનું ફેક્ટર કોંગ્રેસને નડ્યું છે.

ગુજરાતની ચૂંટણી પીએમ મોદી માટે નિર્ણાયક હતી તેમના માટે આ વિજય પ્રતિષ્ઠાનો પ્રશ્ન હતી. જો ગુજરાતમાં ભાજપનો પરાજય થાત તો ૨૦૧૯ની ચુંટણીમાં આકરા ચઢાણ ચડવા પડત, પરંતુ ગુજરાતના વિજયે મોદીને બળ આપ્યુ છે.

તો રાહુલ ગાંધી માટે પણ આ ચૂંટણી મહત્વની હતી. તેમણે આ જંગ જીતવા તનતોડ મહેનત કરી હતી અને ગુજરાતના તમામ મંદિરો અને ખુણે-ખુણો ફરી વળ્યા હતા આમ છતાં તેમને વિજય મળ્યો નથી. કોંગ્રેસને માત્ર આશ્વાસન સૌરાષ્ટ્રમાંથી મળ્યુ છે. અહી ૫૪માંથી ૩૦ બેઠકો પર કોંગ્રેસની જીત થઈ છે.




## ચૂંટણીમાં કોણ-કોણ વિજેતા

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના આજે પરિણામ જાહેર કરવામાં આવ્યા હતા. ચૂંટણીમાં કોણ વિજેતા બન્યા તે યાદી નીચે મુજબ છે.

| વિધાનસભા બેઠક | ભાજપ ઉમેદવાર | કોંગ્રેસ ઉમેદવાર | પરિણામ |
|---|---|---|---|
| અબડાસા | છબીલભાઈ પટેલ | પ્રદ્યુમનસિંહ જાડેજા | કોંગ્રેસ |
| માંડવી | વિરેન્દ્રસિંહ જાડેજા | શક્તિસિંહ ગોહિલ | ભાજપ |
| ભુજ | નિમાબેન આચાર્ય | આદમ ચાકી | કોંગ્રેસ |
| અંજાર | વાસણ આહીર | વીકે હુંબલ | ભાજપ |
| ગાંધીધામ | માલતીબેન મહેશ્વરી | કિશોર પિંગોલ | ભાજપ |
| રાપર | પંકજ મહેતા | સંતોકબેન એરઠિયા | કોંગ્રેસ |
| દસાડા | રમણ વોરા | નવસાધજી સોલંકી | કોંગ્રેસ |
| લીંમડી | કિરીટસિંહ રાણા | સોમાપટેલ | ભાજપ |
| વઢવાણ | ધનજીભાઈ પુટેલ | મોહન પટેલ | ભાજપ |
| ચોટીલા | જીણાભાઈ ડેડવારિયા | રુત્વિક મકવાણા | કોંગ્રેસ |
| ધ્રાંગધ્રા | જયરામ સોનાગરા | પુરુષોત્તમ સાબરિયા | કોંગ્રેસ |
| મોરબી | કાંતિ અમૃતિયા | બ્રિજેશ મેરજા | કોંગ્રેસ |
| ટંકારા | રાઘવજી ગડારા | લલીત કાગથરા | કોંગ્રેસ |
| વાંકાનેર | જીતુ સોમાણી | મોહમ્મદ પીરજાદા | કોંગ્રેસ |
| રાજકોટ પૂર્વ | અરવિંદ રૈયાણી | મિથુલ ડોંગા | ભાજપ |
| રાજકોટ પશ્ચિમ | વિજય રૂપાણી | ઈન્દ્રનીલ રાજગુરુ | ભાજપ |
| રાજકોટ દક્ષિણ | ગોવિંદ પટેલ | દિનેશ ચોવટીયા | ભાજપ |
| રાજકોટ ગ્રામ્ય | લાખાભાઈ સાગઠિયા | વશરામ સાગઠિયા | ભાજપ |
| જસદણ | ભરત ચૌધરી | કુંવરજી બાવરિયા | કોંગ્રેસ |
| ગોંડલ | ગીતાબા જાડેજા | અર્જુન ખતારિયા | ભાજપ |
| જેતપુર | જયેશ રાદડિયા | રવિ આંબલિયા | ભાજપ |
| ધોરાજી | હરીભાઈ પટેલ | લલીત વસોયા | કોંગ્રેસ |
| કાલાવાડ | મૂળજી ઘેયાડા | પ્રવિણ મુછડિયા | કોંગ્રેસ |
| જામનગર ગ્રામ્ય | રાઘવજી પટેલ | વલ્લભ ધરાડિયા | કોંગ્રેસ |
| જામનગર ઉત્તર | ધર્મેન્દ્રસિંહ જાડેજા | જીવણ કુંભારવાડિયા | ભાજપ |
| જામનગર દક્ષિણ | આરસી ફળદુ | અશોકલાલ | ભાજપ |
| જામજોધપુર | ચીમન સાપરિયા | ચિરાગ કલારિયા | કોંગ્રેસ |
| ખંભાળિયા | કાળુભાઈ ચાવડા | વિક્રમ માડમ | કોંગ્રેસ |
| દ્વારકા | પબુભા માણેક | મેરામણ ગોરિયા | ભાજપ |
| પોરબંદર | બાબુ બોખિરિયા | અર્જુન મોઢવાડિયા | ભાજપ |
| કુતિયાણા | લખમણ અઓડેદરા | - | એનસીપી |
| માણાવદર | નીતિન ફળદુ | જવાહર ચાવડા | કોંગ્રેસ |
| જુનાગઢ | મહેન્દ્ર મશરુ | ભિખાભાઈ જોશી | કોંગ્રેસ |
| વિસાવદર | કિરીટ પટેલ | હર્ષદ રીબડીયા | કોંગ્રેસ |
| કેશોદ | દેવાભાઈ માલમ | જયેશ લાડાણી | ભાજપ |
| માંગરોળ | ભગવાનજી કટગટીયા | બાબુભાઈ વાજા | કોંગ્રેસ |
| સોમનાથ | જશા બારડ | વિમલ ચુડાસમા | કોંગ્રેસ |
| તલાલા | ગોવિંદ પરમાર | ભગવાન બારડ | કોંગ્રેસ |
| કોડીનાર | ડો. રામભાઈ વાઢેર | મોહન વાળા | કોંગ્રેસ |
| ઉના | હરી બોઘાભાઈ સોલંકી | પૂંજા વંશ | કોંગ્રેસ |
| ધારી | દિપીલ સાંઘાણી | જેવી કાકડિયા | કોંગ્રેસ |
| અમરેલી | બાવકુ ઉઘાડ | પરેશ ધાનાણી | કોંગ્રેસ |
| લાઠી | ગોપાલ વસ્તરપરા | વિરજી ઠુમ્મર | કોંગ્રેસ |
| સાવરકુંડલા | કમલેશ કાનાણી | પ્રતાપ દુધાત | કોંગ્રેસ |
| રાજુલા | હિરા સોલંકી | અમરીશ ડેર | કોંગ્રેસ |
| મહુવા | રાઘવજી મકવાણા | વિજય બારૈયા | ભાજપ |
| તળાજા | ગૌતમ ચૌહાણ | કનુ બારૈયા | કોંગ્રેસ |
| ગારિયાધાર | કેશુભાઈ નાકરાણી | પીએન ખેની | કોંગ્રેસ |
| પાલીતાણા | ભીખાભાઈ બારિયા | પ્રવિણ રાઠોડ | ભાજપ |
| ભાવનગર ગ્રામ્ય | પુરુષોત્તમ સોલંકી | કાંતિ ચૌહાણ | ભાજપ |
| ભાવનગર પૂર્વ | વિભાવરી દવે | નીતાબેન રાઠોડ | ભાજપ |
| ભાવનગર પશ્ચિમ | જીતુ વાઘાણી | દિલીપસિંહ ગોહીલ | ભાજપ |
| ગઢડા | આત્મારામ પરમાર | પ્રવિણ મારુ | કોંગ્રેસ |
| બોટાદ | સૌરભ પટેલ | ડીએમ પટેલ | ભાજપ |
| નાંદોદ | શબ્દશરણ તડવી | પ્રેમસિંહ વસાવા | કોંગ્રેસ |
| ડેડિયાપાડા | મોતીભાઈ વસાવા | મહેશ વસાવા | કોંગ્રેસ (બીટીપી) |
| જંબુસર | છત્રસિંહ મોરી | સંજય સોલંકી | કોંગ્રેસ |
| વાગરા | અરુણસિંહ રાણા | સુલેમાન પટેલ | - |
| ઝઘડિયા | રવજી વસાવા | છોટુ વસાવા (બીટીપી) | - |
| ભરુચ | દુષ્યંત પટેલ | જૈનીશ પટેલ | ભાજપ |
| અંકલેશ્વર | ઈશ્વર પટેલ | અનિલ ભગત | ભાજપ |
| ઓલપાલ | મુકેશ પટેલ | યોગેન્દ્ર બાકરોલા | ભાજપ |
| માંગરોળ | ગણપત વસાવા | નાનસિંગ વસાવા | ભાજપ |
| માંડવી | પ્રવિણ ચૌધરી | આનંદ ચૌધરી | ભાજપ |
| કામરેજ | વીડી ઝાલાવાડિયા | અશોક જીરાવાલા | ભાજપ |
| સુરત પૂર્વ | અરવિંદ રાણા | નીતિન ભરુચા | ભાજપ |
| સુરત ઉત્તર | કાંતિભાઈ પટેલ | દિનેશ કાછડિયા | ભાજપ |
| વરાછા રોડ | કિશોર કાનાણી | ધીરુ ગજેરા | ભાજપ |
| કારંજ | પ્રવિણ ઘોઘારી | ભાવેશ ભુંખલિયા | ભાજપ |
| લિંબાયત | સંગીતાબેન પાટીલ | રવિન્દ્ર પાટીલ | ભાજપ |
| ઉધના | વિવેક પટેલ | સતીષ પટેલ | ભાજપ |
| મજુરા | હર્ષ સંઘવી | અશોક કોઠારી | ભાજપ |
| કતારગામ | વિનુ મોરડિયા | જિગ્નેશ મેવાસા | - |
| સુરત પશ્ચિમ | પુર્ણેશ મોદી | ઈકબાલ પટેલ | ભાજપ |
| ચોર્યાસી | ઝંખનાબેન પટેલ | યોગેશ પટેલ | ભાજપ |
| બારડોલી | ઈશ્વર પરમાર | તરુણ વાઘેલા | ભાજપ |
| મહુવા | મોહનભાઈ ડોડિયા | તુષાર ચૌધરી | ભાજપ |
| વ્યારા | અરવિંદ ચૌધરી | પુના ગામીત | ભાજપ |
| નિર્ઝર | કાંતિ ગામિત | સુમિત ગામિત | કોંગ્રેસ |
| ડાંગ | વિજય પટેલ | મંગળભાઈ ગાવિત | કોંગ્રેસ |
| જલાલપોર | રમેશ પટેલ | પરિમલ પટેલ | ભાજપ |
| નવસારી | પિયૂષ દેસાઈ | ભાવનાબેન પટેલ | ભાજપ |
| ગણદેવી | નરેશ પટેલ | સુરેશ હળપતિ | ભાજપ |
| વાસંદા | ગણપતભાઈ | હેમંતકુમાર | કોંગ્રેસ |
| ધરમપુર | અરવિંદ પટેલ | ઈશ્વર પટેલ | ભાજપ |

## રાજ્યમાં મતગણતરીની સાથે સાથે

ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે આજે મતગણતરીની પ્રક્રિયા શરૂ થઈ હતી. મતગણતરીની પ્રક્રિયા શરૂ થયા બાદ ગુજરાતના ઈતિહાસમાં પ્રથમ વખત ભાજપ અને કોંગ્રેસ વચ્ચે જોરદાર સ્પર્ધા જોવા મળી હતી. મતગણતરીની સાથે સાથે નીચે મુજબ છે.

- ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને સ્પષ્ટ બહુમતી મળતાં ગુજરાતમાં ફરી એકવાર ભાજપનો ભગવો લહેરાયો, તેની સરકાર બનશે
- કોંગ્રેસે પણ ભાજપને જોરદાર ટક્કર આપી હતી અને તેની બેઠકોમાં આ વખતે સારો એવો વધારો કર્યો હતો
- બરોબર આઠ વાગ્યે ભારે ઉત્તેજના અને ઉત્સાહભર્યા માહોલ વચ્ચે મતગણતરીનો પ્રારંભ થયો હતો
- લોખંડી સુરક્ષા વચ્ચે ચૂંટણી અધિકારીઓ અને રાજકીયપક્ષોના ઉમેદવારો અને એજન્ટની હાજરીમાં ઈવીએમ-વીવીપેટ મશીનો સ્ટ્રોંગ રૂમમાંથી કાઉન્ટીંગ હોલમાં લાવવામાં આવ્યા હતા
- શરૂઆતના અડધા કલાકમાં પોસ્ટલ બેલેટની મતગણતરી હાથ ધરવામાં આવી હતી
- ત્યારબાદ રાજયના ૩૭ એક સ્થળોએ ૫૩,૨૪૭ ઈવીએમ ખુલ્યા હતા અને ૧૮૨૮ ઉમેદવારોના ભાવિની મતગણતરી શરૂ થઈ હતી
- મતગણતરીના શરૂઆતના અડધા કલાકમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે કાંટાની ટક્કર ચાલી હતી
- સવારે ૮-૨૦ મિનિટે એક તબક્કે ભાજપ ૨૧ બેઠકો પર તો, કોંગ્રેસ ૨૦ બેઠકો પર આગળ ચાલી રહી હતી એ વખતે બંને પક્ષના લોકોના ધબકારા જોરદાર વધી ગયા હતા
- સવારે ૮-૪૦ મિનિટે કોંગ્રેસ ૫૦ બેઠકો પર આગળ ચાલતી હતી અને હાફ સેન્ચુરી વટાવી હતી
- એ સમયે ભાજપ બેઠકો પર આગળ ચાલતી હતી
- સૌરાષ્ટ્રમાં શરૂઆતથી જ કોંગ્રેસ જોરદાર રીતે આગળ ચાલતી હતી, પાટીદારોની અસર સ્પષ્ટપણ વર્તાતી હતી
- ભારતીય ટ્રાયબલ પાર્ટીના છોટુ વસાવા આગળ ચાલતા હતા, જેની નોંધ લેવાઈ હતી
- સવારે ૮-૪૬ મિનિટે ભાજપ ૯૨ બેઠકો પર ભાજપ આગળ થઈ ગઈ હતી અને સરકાર રચવા માટેના તેના લક્ષ્યાંક સુધી પહોંચી ગઈ હતી
- સવારે ૯-૦૦ વાગ્યે સ્થિતિ લગભગ સ્પષ્ટ થઇ ગઇ હતી કે, ૨૨ વર્ષ બાદ ફરીથી ભાજપની સરકાર બનવાની છે
- સવારે ૮-૫૩ મિનિટે રાજકોટ પશ્ચિમ કોંગ્રેસના ઈન્દ્રનીલ રાજયગુરૂએ મુખ્યમંત્રી વિજય રૂપાણીને પાછળ ધકેલી દીધા હતા, જેની જોરદાર નોંધ લેવાઈ
- રાધનપુરથી કોંગ્રેસના યુવા નેતા અલ્પેશ ઠાકોર અને વડગામથી દલિત યુવા નેતા જીગ્નેશ મેવાણી શરૂઆતના કલાકમાં પાછળ ચાલતા હતા પરંતુ નવ વાગ્યાની આસપાસ આ બંને નેતાઓ આગળ થઈ ગયા હતા
- સવારે ૮-૫૭ મિનિટે ગુજરાતના ઈતિહાસમાં ૨૨ વર્ષ બાદ સૌપ્રથમવાર કોંગ્રેસ ભાજપથી આગળ થઈ ગઈ હતી અને કોંગ્રેસ ૮૨ બેઠકો પર આગળ થઈ ગઈ હતી, જયારે ભાજપે ૮૧ બેઠકો પર આગળ ચાલતી હતી
- તો, બે મિનિટ બાદ ૮-૫૯ મિનિટે ભાજપ અને કોંગ્રેસ બંને ૮૨-૮૨ બેઠક પર આગળ ચાલતી હતી અને ટાઈ થઈ હતી
- ૯-૦૦ વાગ્યે મતગણતરીનો પ્રથમ રાઉન્ડ પૂર્ણ થયો હતો
- બરોબર ૯-૦૧ મિનિટે કોંગ્રેસ ૮૭ બેઠક પર તો, ભાજપ ૮૩ બેઠક પર આગળ રહી હતી
- બરાબર ૯-૦૩ મિનિટે હિમાચલ પ્રદેશમાં પણ કોંગ્રેસ ૨૨ બેઠકો પર આગળ થઈ ગઈ હતી, જયારે ભાજપ ૨૧ બેઠકો આગળ રહી હતી
- સવારે ૯-૦૬ મિનિટે નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલ મહેસાણાથી અને ભાવનગરથી ભાજપના પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણી પાછળ થઈ ગયા હતા, આમ, મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી અને ભાજપના પ્રમુખ મતગણતરીમાં પાછળ ચાલતાં ભાજપના ટેન્શનમાં આવી ગયુ હતું
- ૯-૧૩ મિનિટે કોંગ્રેસ ૮૯ બેઠકો પર આગળ થઈ ગઈ હતી, જયારે ભાજપ ૭૯ બેઠકો સાથે દસ બેઠકોના માર્જીનથી પાછળ ચાલી રહી હતી
- ગુજરાતમાં ૨૨ વર્ષના ઈતિહાસમાં ભાજપ માટે સૌપ્રથમવાર ખરાબ સ્થિતિ અને આઘાતજનક સ્થિતિ સામે આવી રહી હતી
- ૯-૧૮ મિનિટે અમદાવાદમાં કોંગ્રેસ દસ બેઠકો પર આગળ ચાલતી હતી
- સવારે ૯-૨૬ મિનિટે ફરીથી ભાજપ અને કોંગ્રેસ ૮૬-૮૬ બેઠકો સાથે બરાબરી પર આવી ગઇ હતી
- ૯-૨૭ મિનિટે ભાજપ ૯૦ બેઠકો પર અને કોંગ્રેસ ૮૬ બેઠકો પર આગળ-પાછળ થઈ ગયા હતા
- ૯-૨૮ મિનિટે મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી રાજકોટ પશ્ચિમની બેઠક પર ફરીથી આગળ થઇ ગયા હતા
- ૯-૩૧ મિનિટે મહેસાણાથી નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલ ત્રણ હજાર મતોથી પાછળ ચાલી રહ્યા હતા
- ૯-૩૫ મિનિટે મતગણતરીના ચાર રાઉન્ડ પૂર્ણ થઇ ગયા હતા ત્યાં સુધીમાં ભાજપ ૯૫ બેઠકો અને કોંગ્રેસ ૮૨ બેઠકો પર આગળ હતી
- ૯-૩૭ એ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ મહેસાણાની બેઠક પરથી ૫૦૦ વોટથી આગળ થયા હતા
- છ રાઉન્ડના અંતે ભાજપ ૧૦૩ બેઠકો પર આગળ થઇ ગઇ હતી અને કોંગ્રેસ ૭૫ બેઠકો પાછળ થઈ ગઈ હતી અને ભાજપની સરકાર નક્કી થઇ ગઇ હતી
- લગભગ દસ વાગ્યાની આસપાસ ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણી આગળ થતાં તેમના જીવમાં જીવ આવ્યો હતો કારણ કે, દોઢ બે કલાક સુધી પાછળ ચાલ્યા બાદ વાઘાણી આગળ થયા હતા
- જો કે,૧૦-૨૦ મિનિટે ભાજપના જીતુ વાઘાણી પાછળ પડી ગયા હતા અને બોટાદ બેઠક પરથી સૌરભ પટેલ પણ પાછળ થઈ ગયા હતા
- સૌથી પહેલું જીતનું પરિણામ અમદાવાદની એલિસબ્રીજ બેઠક પર ભાજપના રાકેશ શાહ જીતી ગયા તેનું આવ્યું હતું
- ત્યારબાદ એક પછી એક બેઠકોના પરિણામો જાહેર થતા ગયા હતા
- ભાજપના મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણી સહિતના દિગ્ગજો જીતી ગયા હતો
- તો સામે કોંગ્રેસના દિગ્ગજો શકિતસિંહ ગોહિલ, અર્જુન મોઢવાડિયા, સિધ્ધાર્થ પટેલ અને તુષાર ચૌધરીને અણધારી હારનો સામનો કરવો પડયો હતો
- ભાજપની જીતના પરિણામોના સમાચાર સ્પષ્ટ બનતાં ભાજપના હજારો કાર્યકરો કમલમ્ કાર્યાલય ખાતે પહોંચ્યા હતા
- ભાજપના હજારો કાર્યકરોએ ઢોલ-નગારા વગાડી, અબીલ-ગુલાલની છોળો ઉડાડી, ઝુમી-નાચી ગાઈને વિજયોત્સવ મનાવ્યો હતો
- ગુજરાતની સાથે સાથે દેશના અન્ય શહેરો અને રાજયોમાં પણ ભાજપના વિજયોત્સવની ધમાકેદાર ઉજવણી કરાઇ હતી
- ચૂંટણીના પરિણામો બાદ ભાજપની છાવણીમાં ખુશીનો માહોલ છવાયો હતો તો, કોંગ્રેસના ગઢમાં ગમના દ્રશ્યો જોવા મળતા હતા
- કોંગ્રેસે તેની બેઠકોમાં આ વખતે વધારો થતાં કંઇક અંશે બચાવની ભૂમિકામાં સફળ રહી હતી
- ભાજપની જીતને લઇ ભાજપના સ્થાનિક નેતાઓ અને રાષ્ટ્રીય નેતાઓએ વિજયનો શ્રેય વડાપ્રધાન મોદી અને અમિત શાહને આપ્યો હતો
- કોંગ્રેસ છોડી ભાજપમાં આવેલા બળવાખોર ધારાસભ્યો તેજશ્રીબહેન પટેલ, રાઘવજી પટેલ સહિતના ઉમેદવારોને પ્રજાએ સ્વીકાર્યા ન હતા અને હાર્યા હતા

# કોંગ્રેસે ગુજરાતમાં ચૂંટણી જીતવા માટેની સુવર્ણ તકને ગુમાવી

### હાર્દિક પટેલ, અલ્પેશ ઠાકોર, જીગ્નેશ મેવાણી જેવા આક્રમક યુવા તેની સાથે હતા : ભાજપ વિરોધી આક્રોશ સહિત પરિબળનો સાથ છતાં નિષ્ફળતા મળી

અમદાવાદ, તા.૧૮

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ ભલે આ વખતે સારુ પ્રદર્શન કરવામાં સફળ થઈ હોય પરંતુ સત્તા મેળવવાની જે અદ્ભુત અને જબદસ્ત તક મળી હતી, તે તેણે આ વખતે ગુમાવી દીધી છે, તે કોંગ્રેસ માટે સૌથી આઘાતજનક સમાચાર છે. કારણ કે, આ વખતે કોંગ્રેસને હાર્દિક પટેલ ફેકટરની સૌથી મોટી મદદ મળી રહી તો એ સિવાય ઓબીસી નેતા અલ્પેશ ઠાકોરે કોંગ્રેસમાં ભળી જઈ તેનું બળ વધાર્યું અને છેલ્લે છેલ્લે દલિત યુવા નેતા જીગ્નેશ મેવાણીએ પણ ભાજપને હરાવવાનું પ્રણ લઈ કોંગ્રેસને આડકતરો ટેકો જાહેર કર્યો. આમ, ત્રણેય જાત-સમુદાયના વિશાળ વર્ગનું પીઠબળ અને નોટબંધી, જીએસટી, મોંઘવારી સહિતના અનેક મુદાઓ અને ભાજપ વિરૂધ્ધનો લોકોમાં એક પ્રકારનો આક્રોશ હાથમાં હોવાછતાં કોંગ્રેસે ગુજરાતની સત્તા ગુમાવી તેથી હવે ફરીથી ભવિષ્યમાં કોંગ્રેસને આવા સંજોગો, આવું પીઠબળ અને તાકાત-સાથ અને ભાજપ સામેનો લોકવિરોધ હાથમાં નહી આવે અને તેથી કોંગ્રેસને હવે ભવિષ્યની વિધાનસભા ચૂંટણીમાં જીતવું બહુ મુશ્કેલ બની જશે કારણ કે, કોંગ્રેસે એકલા હાથે જ લડવું પડશે. કોંગ્રેસ માટે બીજા આંચકાજનક સમાચાર એ હતા કે, રાહુલ ગાંધીના મરણિયા પ્રયાસો છતાં કોંગ્રેસના શકિતસિંહ ગોહિલ, અર્જુન મોઢવાડિયા, સિધ્ધાર્થ પટેલ, તુષાર ચૌધરી સહિતના દિગ્ગજોની અણધારી હાર થઈ છે. પોરબંદર બેઠક પરથી કોંગ્રેસના સિનિયર નેતા અર્જુન મોઢવાડિયાને ભાજપના કદાવર નેતા બાબુ બોખીરિયાથી હાર મળી છે, તો, માંડવી બેઠક પરથી કોંગ્રેસના સિનિયર નેતા શકતિસિંહ ગોહિલ ભાજપના વિરેન્દ્રસિંહ જાડેજા સામે હારી ગયા. શકિતસિંહ અબડાસાના ધારાસભ્ય હતા પરંતુ તેમણે આ વખતે પોતાની બેઠક બદલી તોય તેમને બેઠક બદલવાનો ફાયદો ના મળ્યો.

ડભોઈથી કોંગ્રેસના સિધ્ધાર્થ પટેલ અને મહુવા(એસટી) બેઠક પરથી તુષાર ચૌધરીને હારનો સામનો કરવો પડયો છે. કોંગ્રેસના દિગ્ગજ નેતાઓની કારમી હારને પગલે કોંગ્રેસની છાવણીમાં રીતસરનો સોપો પડી ગયો હતો. કોંગ્રેસના આ દિગ્ગજો માટે તો પક્ષને પણ બહુ અપેક્ષા હતી પરંતુ પક્ષની આ આશા અને અપેક્ષા પર પાણી ફરી વળ્યુ. બીજીબાજુ, કોંગ્રેસમાં નવી એન્ટ્રી લેનાર ઓબીસી નેતા અલ્પેશ ઠાકોરે રાધનપુર બેઠક પરથી જીત મેળવી કોંગ્રેસની કંઈક અંશે પણ લાજ રાખી હતી. કોંગ્રેસનું સૌથી ખરાબ પ્રદર્શન સુરતમાં રહ્યું કે, જયાં સમ ખાવા પૂરતી એકાદ-બે બેઠકો માંડ કોંગ્રેસને મળી. સૌરાષ્ટ્રમાં કોંગ્રેસની સ્થિતિ કંઈક અંશે સારી જણાતાં પક્ષનો દેખાવ અને સ્થિતિ ગત ચૂંટણી કરતાં સારા રહ્યા.

## ડીએસપીપદે રાજીનામુ આપી ચૂંટણી લડનાર પી.સી. બરંડા હારી ગયા

છોટાઉદેપુરના એસપી પદેથી રાજીનામુ આપી ભાજપની ટિકિટ પર ભીલોડા બેઠક પરથી ચૂંટણી લડનાર પૂર્વ આઈપીએસ અધિકારી પી.સી. બરંડાનો કોંગ્રેસના ઉમેદવાર ડૉ. અનિલ જોશિયારા સામે ૧૨ હજારથી વધુમતથી પરાજય થયો છે. કોંગ્રેસના અનિલ જોશિયારા આ બેઠક પર ૧૯૯૫થી ધારાસભ્ય પદેથી ચૂંટાતા આવ્યા છે.

પૂર્વ આઈપીએસ પી.સી. બરંડા ભિલોડા તાલુકાના વાંકારી ગામના વતની છે. પીટી શિક્ષક તરીકે કારકિર્દી શરૂ કરનાર પી.સી. બરંડાએ ૧૯૯૧માં જીપીએસસીની પરીક્ષા આપી હતી અને ૧૯૯૬માં ડીવાયએસપી તરીકે ગુજરાત પોલીસમાં ભરતી થયા હતા. જ્યાર બાદ વર્ષ ૨૦૦૭માં આઈપીએસ તરીકે નોમિનેશન મળ્યુ હતુ. પી.સી. બરંડાના પત્નીએ બે વર્ષ અગાઉ ડેપ્યુટી કલેક્ટર પદેથી રાજીનામુ આપ્યુ હતુ. પી.સી. બરંડા તેમના માતા-પિતાનુ ચોથુ સંતાન છે.

## લોક આંદોલન હાર્યુ, ભાજપ જીતી ગયું

ગુજરાતમાં ભાજપ ચોથી વખત સત્તા બનાવવા જઈ રહ્યું છે તે સ્પષ્ટ થઈ ગયું છે, પણ ગુજરાતમાં થયેલા વિવિધ લોક આંદોલનની હાર થઈ છે. ગુજરાતમાં છેલ્લાં બે વર્ષથી ચાલી રહેલા પાટીદાર, ઠાકોર અને દલિત આંદોલનનું મતોમાં રૂપાંતરણ થઈ શક્યું નથી. ચૂંટણીમાં કોંગ્રેસમાં લોક આંદોલનને પ્રાણ ફુંકવાનું કામ કર્યુંહતું. નરેન્દ્ર મોદી અને રાહુલ ગાંધીની સભા કરતા વધુ હાર્દિકની સભામાં વધુ લોકો આવતા હતા, પણ હમણાં સુધી જાહેર થયેલા મત પ્રમાણે હાર્દિકની સભાની ધારી અસર સૌરાષ્ટ્રમાં થઈ પણ તેને બાદ કરતા અન્ય વિસ્તારમાં ખુબ ઓછી થઈ છે. પાટીદાર આંદોલન આરક્ષણનું એપી સેન્ટર ઉત્તર ગુજરાત હોવા છતાં ત્યા પણ કોંગ્રેસને ફાયદો થયો નહીં, તે જ પ્રકારે ઉત્તર ગુજરાતમાં અલ્પેશ ઠાકોર ધારી અસર કરી શક્યા નથી, અલ્પેશે પોતાના આંદોલનમાં આદિવાસી અને દલિતોને પણ સામેલ કર્યા હતા. પણ તેમણે પણ કોંગ્રેસનો મત આપવાનો ઈન્કાર કરી દીધો હતો.

આમ તમામ લોક આંદોલનમાં પ્રજાની આંદોલનની સાથે અને ભાજપની વિરૂદ્ધમાં હોવા છતાં ભાજપથી નારાજ લોકોએ કોંગ્રેસને મત આપ્યા નહીં, અથવા મતદાનથી અળગા રહ્યા હતા. આમ લોક આંદોલન બાદ પણ કોંગ્રેસ પ્રજાનો વિશ્વાસ જીતવામાં સફળ રહી નહીં. ગુજરાતના મતદારો ભાજપથી ભલે નારાજ હોય પણ તેઓ જ્યારે મતદાન મથકે ગયા ત્યારે તેમણે કોંગ્રેસના પંજા ઉપર પોતાની આંગળી મુકવાને બદલે ભાજપનું કમળ ઉપાડી લીધુ હતુ.